# BUSINESS મિત્ર

## નિફ્ટીએ 24100 પોઇન્ટની સપાટી તોડી, રોકાણકારોને 2 લાખ કરોડ રૂપિયાનું નુકશાન

# વૈશ્વિક તણાવથી શેરબજારમાં કડાકો

**ઇરાન-યુએસ** વિવાદ અને ક્રુડ ઓઇલ $૮૭ને પાર થતાં માર્કેટમાં ગભરાટ; ફેડરલ રિઝર્વની વ્યાજદર વધારવાની ચેતવણીથી સેન્સેક્સ ૫૬૧ પોઇન્ટ તૂટ્યો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા.14:** ઇરાન-યુએસના તણાવ વચ્ચે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની શીપીંગ પર નૌકાદળી નાકાબંધી ફરીથી લાદવાની જાહેરાત કરી અને કહ્યું કે યુએસ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસરા થતા કાર્ગો પર 20 ટકા ટ્રાન્ઝીટ ફી લાદશે. જેનાથી રોકાણકારો સાવચેત થઇ ગયા છે. બ્રેન્ટ ક્રુડ એ 80 ડોલરની સપાટી કુદાવીને 85 તરફ આગેકૂચ કરી હતી. જેના લીધે શેરબજારમા નકારાત્મક અસર કરતી જોવા મળી હતી, જેની સાથે નિફ્ટીની વીકલી એકસપાયરી પણ હોવાથી વેચવાલીનું દબાણ રહ્યું હતું. જેના લીધે નિફ્ટી 24100 પોઇન્ટની નીચે સરકી ગઇ હતી. જેના લીધે રોકાણકારોને રૂ. બે લાખ કરોડનું નુકશાન થયું છે.

આવનારા સમયમાં ઈરાન-યુએસ સંઘર્ષના વધુ વિકાસ, ક્રુડ ઓઇલના ભાવમાં હિલચાલ, ચાલુ પ્રથમ કવાર્ટરની કમાણી, કોર્પોરેટ બિઝનેસ અપડેટ અને દક્ષિણ પશ્ચિમ ચોમાસાની પ્રગતિ પર નજીકથી નજર રાખશે.

સેકટર વાઇઝ જોઇએ તો રિયલ્ટી, પીએસયુ બેન્ક અને ઓટો શેરમાં વેચવાલીના દબાણે ઘટયા હતા, જ્યારે ફાર્મા, મેટલ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સના શેરોમાં તેજી જોવા મળી હતી. બીએસઇ સેન્સેક્સ 561.46 પોઇન્ટ એટલે કે 0.72 ટકા ઘટીને 77054.94 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 77402 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77001 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 158.95 પોઇન્ટ એટલે કે 0.66 ટકા ઘટીને 24052.05 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. જ્યારે નિફ્ટી 24157 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24023 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 669.15 પોઇન્ટ એટલે કે 1.15 ટકા ઘટીને 57462.30 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે બાયોકોનમાં 224.63 ગણા, નુવોકો વીસ્ટાસ કોર્પોરેશનમાં 56.34 ગણા, સીપલા લી.માં 17.21 ગણા, આધાર હાઉસીંગ ફાઇ.માં 5.79 ગણા અને આલ્કેમ લેબમાં 5.3 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે નુવોકો વિસ્ટાસ કોર્પોરેશનમાં 67.12 ગણા, બાયોકોન લિ.માં 8.12 ગણા, એસબીઆઇ કાર્ડસમાં 6.07 ગણા, કારટ્રેડ ટેકનો 5.68 ગણા, આઇડીબીઆઇ બેન્કમાં 4.54 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ નરમાઇ રહી હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.54 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ 1.08 ટકા ઘટ્યો હતો. જેથી માર્કેટ બ્રેડથ નેગેટિવ રહી હતી. બીએસઇ ખાતે 1501 શેરો વધ્યા હતા, જ્યારે 2737 શેરો ઘટ્યા હતા અને 203 શેરો યથાવત રહ્યા હતા.

કોમોડિટીઝ માર્કેટમાં સપ્ટેમ્બર 2026 સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ 3.75 ડોલર એટલે કે 4.50 ટકા વધીને 87.05 ડોલર પ્રતિ બેરલ બોલાતો જોવા મળ્યો હતો, જે ફરીથી વિશ્વને ચિંતામાં મુકી દીધી છે. મેક્રો ઇકોનોમી દ્રષ્ટિએ વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલની અસર જોવા મળી હતી અને ફુગાવાનો દર આરબીઆઇના 4 ટકાના લક્ષ્યાંકને વટાવી દીધો છે, જે 17 મહિનાની ટોચે પહોંચી ગયો છે.

વૈશ્વિક સ્તરે ડાઉ જોન્સ ફ્યુચર્સ 111 પોઇન્ટ ઘટાડા સાથે ચાલી રહ્યો છે, જે આજે અમેરિકન બજારો નેગેટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે.

ક્રુડ ઓઇલના ફરીથી ઉછળતા ભાવોથી ફુગાવો વધી જવાની ચિંતાજતાવવામાં આવી છે. જોકે, આજે એશિયન બજારો પોઝિટિવ રહ્યા હતા, કેમ કે રોકાણકારોએ ચાલી રહેલા યુએસ-ઇરાન યુદ્ધને ટાળ્યો હતો.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -561.46 | 77054.94 |
| નિફ્ટી | -158.95 | 24052.05 |
| બેન્કનિફ્ટી | -669.15 | 57462.30 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનુંનામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારતી એરટેલ | 1.82 | 1936.50 |
| અપોલો હોસ્પિટલ | 1.34 | 8900.50 |
| સન ફાર્મા | 1.10 | 1942.60 |
| ડો. રેડ્ડીઝ લેબ | 0.95 | 1246.20 |
| ટીસીએસ | 0.88 | 2200.60 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનુંનામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 4.46 | 1166.70 |
| શ્રીરામ ફાઇનાન્સ | 3.26 | 1013.90 |
| HDCF લાઇફ | 3.17 | 555.20 |
| ટીએમપીવી | 2.60 | 333.35 |
| ઇન્ટરગ્લોબ | 2.32 | 5108.00 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનુંનામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારતી એરટેલ | 1.65 | 1932.95 |
| ટીસીએસ | 0.89 | 2200.95 |
| સન ફાર્મા | 0.84 | 1940.15 |
| ટાટા સ્ટીલ | 0.64 | 188.35 |
| અદાણી પોર્ટસ | 0.59 | 1821.05 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનુંનામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 4.42 | 1167.00 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 2.30 | 5110.20 |
| બજાજ ફિનસર્વ | 2.21 | 1868.25 |
| એસબીઆઇ | 2.13 | 1014.80 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.10 | 3092.85 |

# અદાણી ગ્રુપમાં જીક્યુજી પાર્ટનર્સે ૧૨,૦૦૦ કરોડ પાછા ખેંચ્યા, તો મ્યુચ્યુઅલ ફંડ્સે વધાર્યું રોકાણ

**જૂન** ક્વાર્ટરમાં અદાણીની કંપનીઓ પર દિગ્ગજ રોકાણકારોની અલગ-અલગ રણનીતિ; અદાણી એન્ટરપ્રાઇઝમાં મ્યુચ્યુઅલ ફંડ્સનો હિસ્સો બમણો થયો

મુંબઇ, તા. 15: જુન કવાર્ટર દરમ્યાન અદાણી જુથની કંપનીઓમાં મોટા રોકાણકારની રણનીતિ અલગ હતી. એક તરફ, જીક્યુજી પાર્ટનર્સે ઘણી જુથ કંપનીઓમાં તેના હિસ્સામાં 1 અબજ ડોલર એટલે કે રૂ. 12077 કરોડ ઘટાડ્યો છે. બીજી તરફ, એફઆઇઆઇ અને મ્યુચ્યુઅલ ફંડસે અદાણીની ઘણી કંપનીઓમાં રોકાણ વધાર્યુ છે. જીક્યુજી પાર્ટનર્સે અદાણી એન્ટરપ્રાઇઝમાં સૌથી મોટો હિસ્સો ઘટાડ્યો હતો.

જુન કવાર્ટરમાં શેરહોલ્ડીંગ પાર્ટનર્સે અદાણી એન્ટરપ્રાઇઝમો સૌથી મોટો હિસ્સો ઘટાડ્યો હતો. જુન કવાર્ટરના શેરહોલ્ડીગ પેટર્નમાં જીક્યુજી પાર્ટનર્સ ઇમર્જિંગ માર્કેટસ ઇક્વિટી ફંડનું નામ સામેલ નથી. જોકે, તે સ્પષ્ટ નથી કે ફંડે તેનો સંપુર્ણ હિસ્સો વેચી દીધો છે અથવા તેનો હિસ્સો એક ટકાથી નીચે આવી ગયો છે, જેના કારણે તે જાહેર કરવામાં આવ્યું નથી. માર્ચ કવાર્ટરના અંતે અદાણી એન્ટરપ્રાઇઝમાં ફંડનો 1.59 ટકા હિસ્સો હતો. જુન કવાર્ટરના સરેરાશ શેરના ભાવના આધારે તેનું મુલ્ય લગભગ 6200 કરોડ હતું.

ગોલ્ડમેન સાક્સ ટ્રસ્ટ જીક્યુજી પાર્ટનર્સ ઇન્ટરનેશનલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડે પણ અદાણી એન્ટરપ્રાઇઝમાં તેનો હિસ્સો 2.31 ટકાથી ઘટાડીને 2.06 ટકા કર્યો છે. એટલે કે ફંડે તેનો હિસ્સો 0.25 ટકા ઘટ્યો છે. જેની કિંમત લગભગ 932 કરોડ હોવાનો અંદાજ છે. એકબાજું જીક્યુજી પાર્ટનર્સે હિસ્સો ઘટાડ્યો, ત્યારે મ્યુચ્યુઅલ ફંડસે અદાણી એન્ટરપ્રાઇઝમાં રોકાણ વધાર્યુ હતું. જુન કવાર્ટરમાં મ્યુચ્યુઅલ ફંડનો કુલ હિસ્સો 2.71 ટકાથી વધીને 5.4 ટકા થયો છે. આ વધારાની અંદાજિત કિંમત લગભગ 10693 કરોડ રૂપિયા હતી. આ ખરીદીમાં એસબીઆઇ ઇક્વિટી હાઇબ્રીડ ફંડ અને કવોન્ટ સ્મોલકેપ ફંડે મુખ્ય ભૂમિકા ભજવી હતી. જીક્યુજી પાર્ટનર્સે જુન કવાર્ટર દરમ્યાન અદાણી ગ્રીન એનર્જીમાં તેના રોકાણમાં પણ ઘટાડો કર્યો હતો. ફંડે કંપનીમાં તેના હિસ્સામાં લગભગ 0.6 ટકા એટલે કે રૂ. 1457 કરોડનો હિસ્સો ઘટાડ્યો છે. જોકે, વિદેશી રોકાણકારોએ અદાણી ગ્રીનમાં રસ દાખવ્યો છે અને તેઓએ 0.74 ટકાનો વધારો કર્યો છે. મ્યુચ્યુઅલ ફંડસે પણ ગ્રીન એનર્જીમાં કુલ હિસ્સો 3.22 ટકાથી વધારીને 3.49 ટકા કર્યો હતો. જીક્યુજીએ અદાણી જુથની તમામ કંપની અદાણી એનર્જી, અદાણી પાવર, અદાણી ટોટલ ગેસ એમ તમામ ગ્રુપ કંપનીઓમાં હિસ્સો ઘટાડ્યો છે.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૮ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૨ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૬ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૧૦૦ ટેક્ષ | ૧૩૯ | ૬૮ ક્રિમ્પ | ૧૪૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૯ | ૮૦/૭૨ રોટો | ૧૪૩ | ૭૫ ક્રિમ્પ | ૧૪૧ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૬૦૦ |
| એમ-૩૦ | ૪૫૫૦ |
| એસ-૩૦ | ૪૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૩૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૭૬૫૦ |
| તેજાબી સોનું | ૧૪૭૫૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૦૨૭૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૪૭૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૭૬૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૯૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૧૦૦૦ |

# રૂપિયો અમેરિકન ડોલર સામે 96ની સપાટીને વટાવી ગયો

**રૂપિયામાં** ઘટાડા પાછળનું મુખ્ય કારણ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવમાં થયેલો તીવ્ર વધારો

**સ્થાનિક** ચલણને વધુ તૂટતું અટકાવવા આરબીઆઇ એક્શનમાં, માર્કેટમાં ડોલર ઠાલવવા સહિત સટ્ટાબાજી રોકવા માટે લીધા મહત્વના પગલાં

નવી દિલ્હી, તા. 14: મંગળવારે ભારતીય ચલણ પર ભારે વેચાણ દબાણ જોવા મળ્યું હતું. આંતરબેંક વિદેશી હૂંડિયામણ બજારમાં રૂપિયો ૯૫.૯૫ પર ખૂલ્યા બાદ ઈન્ટ્રાડેમાં ૯૬.૩૩ની નીચી સપાટીને સ્પર્શ્યો હતો અને અંતે સોમવારના બંધ (૯૫.૬૮) સામે ૪૮ પૈસાના ઘટાડા સાથે ૯૬.૧૬ પર સ્થિર થયો હતો.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 96.20 રૂ. |
| યુરો | 109.31 રૂ. |
| પાઉન્ડ | 128.26 રૂ. |
| યેન | 0.5931 રૂ. |

ચાલુ નાણાકીય વર્ષની શરૂઆતથી રૂપિયામાં અત્યાર સુધીમાં ૦.૮ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે. ફોરેક્સ વિશ્લેષકોના જણાવ્યા મુજબ, જ્યારે વૈશ્વિક સ્તરે આર્થિક અનિશ્ચિતતા અને વ્યાજદરો લાંબા સમય સુધી ઊંચા રહેવાની સંભાવના વધે છે, ત્યારે રોકાણકારો ડોલર જેવી સુરક્ષિત સંપત્તિ તરફ વળે છે, જેનાથી ઉભરતા બજારોના ચલણો પર દબાણ વધે છે. જોકે, આ દરમિયાન છ અગ્રણી ચલણો સામે ડોલરની મજબૂતાઈ દર્શાવતો ડોલર ઈન્ડેક્સ ૦.૧૬ ટકા ઘટીને ૧૦૧.૦૭ પર ટ્રેડ થઈ રહ્યો હતો.

આ ઘટાડા પાછળનું મુખ્ય કારણ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલો તીવ્ર વધારો છે. રૂપિયાની અસ્થિરતા વચ્ચે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ (FII) ભારતીય બજારમાંથી રૂ. ૭૩૯.૬૯ કરોડની ઈક્વિટી વેચી હતી, જેના કારણે સેન્સેક્સ ૫૬૧.૪૬ પોઈન્ટ ગગડીને ૭૭,૦૫૪.૯૪ અને નિફ્ટી ૧૫૮.૯૫ પોઈન્ટ ઘટીને 24052.05 પર બંધ રહ્યો હતો. હાલ પૂરતું, ભારતીય રિઝર્વ બેંક (RBI) બજારની અસ્થિરતાને નિયંત્રિત કરવા પ્રયાસો કરી રહી છે, પરંતુ ટૂંકા ગાળામાં ડોલર-રૂપિયાનો રેશિયો ૯૬.૫૦ તરફ વધવાની સંભાવના છે.

# કોપરના ભાવમાં ભડકો: વૈશ્વિક કટોકટીથી કિંમતો આકાશે આંબી

**ચીલીમાં** ઉત્પાદન ઘટતાં અને ફેડના નિવેદનથી કોમોડિટી માર્કેટ ગરમાયું; ઇલેક્ટ્રોનિક્સ વસ્તુઓ મોંઘી થવાના એંધાણ

મુંબઇ, તા. 14: ઔદ્યોગિક ઉત્પાદન અને ખાસ કરીને ઈલેક્ટ્રીકલ માલસામાનમાં કોપરનો ઉપયોગ થતો હોય છે, પરંતુ ચીલી ખાતે કોપરનું ઉત્પાદન ઘટી રહ્યાના અહેવાલના પગલે કોપરના ભાવમાં ઉછાળો આવ્યો છે અને આ સ્થિતિ ચાલુ રહેશે તો આગામી દિવસોમાં હજુય કોપરના ભાવ વધુ ઉછળે તેવી સંભાવના છે. કોમેક્સ પર આજે 1.44 ટકાના વધારા બાદ કોપરની કિંમત ઘટીને 6.3715 ડોલર પ્રતિ ઔંસ થઇ ગઇ છે. આજે માત્ર સોના-ચાંદીના નહીં, પણ કોપરના ભાવ પણ વધવા લાગ્યા છે. કોમોડિટી માર્કેટમાં આ તેજીની પાછળનું કારણ ફેડ રિઝર્વના નવા ચેરમેન કેવિન વોર્ટનું પહેલું નિવેદન પણ છે. બીજું કે કોપરનું ઉત્પાદન ઘટવાની પણ ભાવ ઉપર અસર પડી રહી છે. ચીલી ખાતે વિશ્વનો સૌથી મોટો કોપર સપ્લાયર છે. એવા અહેવાલો છે કે ત્યાંના ઉત્પાદનમાં 15થી 20 ટકાનો ઘટાડો થયો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ત્યાં પાણીના અભાવે ખાણોમાંથી કોપર કાઢવું અઘરું થઇ રહ્યું છે અને આ સિવાયની ઘણી તકનીકી સમસ્યાઓના કારણે પણ ખાણકામ પ્રભાવિત થયું છે.

# IBMના નબળા પરિણામોથી આઇટી શેરો ધ્રુજ્યા

મુંબઇ, તા. 14: આઇબીએમમાં અંદાજ કરતા નબળા પરિણામો જાહેર થતાં પ્રી માર્કેટ ટ્રેડિંગમાં આઇબીએમના શેરમાં 23 ટકાનો કડાકો બોલાયો હતો. જ્યારે ઈન્ફોસીસ એડીઆર લગભગ 9 ટકા ઘટ્યો હતો. જ્યારે વિપ્રો એડીઆર 3 ટકા નીચે બોલાતો હતો. સોફટવેર અને ઈન્ફ્રાસ્ટ્રકચર બિઝનેસમાં નબળાઇના કારણે અપેક્ષા કરતા નબળા પરિણામો પોસ્ટ કર્યા પછી 14 જુલાઇના રોજ ન્યુયોર્ક સ્ટોક એકસચેન્જ પર પ્રી માર્કેટ ટ્રેડિંગમાં આઇબીએમનો શેર 23 ટકા તૂટયો હતો. અન્ય સોફટવેર શેરોમાં પણ ઘટાડો થયો હતો, જેમાં ઓરેકલ 2 ટકા, સર્વિસ નાઉ 7 ટકા, એકસેન્ચર અને એડોબ અનુક્રમે 8.5 ટકા તથા 5 ટકા ઘટયા હતા.

# બેરોજગારી નાબૂદ કરવા ભારતને ૧૪%ના જીડીપી ગ્રોથની જરૂર

મુંબઈ, તા. 14: બેરોજગારીની સમસ્યાને દૂર કરવા માટે ભારતને 14 ટકાના દરે GDP વિકાસની જરૂર છે, તેવો મત મોર્ગન સ્ટેનલીના અર્થશાસ્ત્રીએ વ્યક્ત કર્યો છે. મોર્ગન સ્ટેનલીના ચેતન આહ્યાના મતે, વર્કફોર્સમાં નવા ઉમેરાને રોજગાર આપવા માટે જીડીપીમાં 9 થી 10 ટકા વૃદ્ધિની જરૂર પડશે.મોર્ગન સ્ટેનલીના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એશિયા ઈકોનોમિસ્ટ ચેતન આહ્યાના મતે, દેશમાં વધતા જતા કાર્યબળ માટે પૂરતી નોકરીઓના સર્જન માટે ભારતને ઓછામાં ઓછા 9 થી 10 ટકા વાર્ષિક GDP વૃદ્ધિ દરની જરૂર છે, જ્યારે છેલ્લા કેટલાંક વર્ષોથી ભેગા થયેલા બેરોજગાર કામદારોના બેકલોગને સમાવવા માટે 14 ટકા વૃદ્ધિ દરની જરૂર પડશે.


**પંજાબ નૈશનલ બૈંક** ...भरोसे का प्रतीक ! **punjab national bank** ...the name you can BANK upon !

એઆરએમબી, સુરત : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત–૩૯૫૦૦૩ ફોન : ૮૧૪૬૦૯૨૮૭૭, ૯૬૨૪૫૭૭૭૨૫ ઈમેઈલ : cs8323@pnb.bank.in

**સ્થાયી મિલકતની ઈ–હરાજીથી વેચાણ અંગેની જાહેર નોટીસ**

**ઈ–હરાજી તા.૦૪.૦૮.૨૦૨૬ | નિરીક્ષણ તા.૦૩.૦૮.૨૦૨૬ સુધી કામકાજ ના દિવસો માં (સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી) | ઈ–હરાજીના સમય સુધીમાં ઈએમડી જમા કરાવવી જોઈએ**

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના નિયમ ૮(૬) સાથે વાંચતા સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ સ્થાયી મિલકત માટેની ઈ–હરાજીની વેચાણ નોટીસ. આથી અહીં જાહેર જનતા અને ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિકયોર્ડ ક્રેડીટર્સને હાઈપોથીકેટેડ/ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો પંજાબ નેશનલ બેંક, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે **તારીખ ૦૪.૦૮.૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી ૧૦ મીનીટ ના વધારા સાથે કરવામાં આવશે.** પંજાબ નેશનલ બેંક, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા નીચે દર્શાવેલ દેવાદારો, ગીરવેદારો અને નીચે દર્શાવેલ જામીનદારોના બાકી રકમ માટે ઈ–હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. સ્થાયી મિલકતની વિગત સરકારી/અર્ધસરકારી લેણાંની વિગત જો હોય તો તેની સાથે નીચે મુજબ છે.

| નં. | શાખાનું નામ / ખાતાનું નામ / દેવાદાર/ જામીનદારોનું નામ અને સરનામું | સુરક્ષિત કરેલ મિલકતની વિગત — ગીરવે મુકેલ સ્થાયી અને અસ્થાયી મિલકતની વિગત અને માલિકનું નામ (મિલકતો ના ગીરવેદારો) | અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસની તારીખ<br>બ) બાકી રકમ ૩૦.૦૬.૨૦૨૬ સુધી વધારાનું વ્યાજ અને ચાર્જીસ<br>ક) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૪) હેઠળ લીધેલ કબજાની તારીખ<br>ડ) કબજાનો પ્રકાર સાંકેતિક/પ્રત્યક્ષ/રચનાત્મક | અ) અનામત કિંમત<br>બ) ઈએમડી<br>ક) બોલી વધારાની રકમ<br>(રૂા. લાખમાં) | સુરક્ષિત લેણદારની જાણમાં હોય તેવા અન્ય બાકીની વિગત<br>Property ID : |
|---|---|---|---|---|---|
| ૧ | **પીએનબી : સુરત મેઈન (૦૪૩૯૦૦)**<br>**૧) મેસર્સ બેન્ટેન સીરામીક પ્રા.લિ.** એસ.નં.૪૦૬, પીપરડી રોડ, ગામ રંગપર, પો.મોરબી, જી.રાજકોટ–૩૬૩૬૪૧, ગુજરાત<br>**૨) શ્રી ભાટીયા મનોજકુમાર ઈશ્વરલાલ (કંપનીના ડીરેકટર) :** ૫૪૭, નાનીમા વાલા પ્લોટ (રામનગર), ઝીંકીયાલી–૨, મોરબી, રાજકોટ, ગુજરાત–૩૬૩૬૩૦<br>**૩) શ્રી અલ્પેશકુમાર અમરેશીભાઈ રાજપરા (કંપનીના ડીરેકટર) :** ૧૧, યોગેશ્વર નગર, રાવાપર રોડ, મોરબી–૪૦, રાજકોટ, ગુજરાત–૩૬૩૬૪૧<br>**૪) શ્રી રમેશભાઈ ત્રિકમજીભાઈ સુરાણી (જામીનદાર/માજી ડીરેકટર/ગીરવેદાર)** ૧૭૧, આશીર્વાદ વીલા સોસાયટી, સીટી લાઈટ રોડ, ભરથાણા, સુરત–૩૯૪૦૦૭<br>**૫) શ્રી સુરેશ બસ્તીરામ માલવીયા (જામીનદાર/માજી ડીરેકટર) :** ૮૩/૮૪, દીપમાલા સોસાયટી, પાલનપુર રોડ, સુરત–૩૯૫૦૦૩<br>**૬) શ્રી રવજીભાઈ વશરામભાઈ ગુજરાતી (જામીનદાર/માજી ડીરેકટર) :** ૫/૬, અંજના સોસાયટી, હિરા બાગ, વરાછા રોડ, સુરત–૩૯૫૦૦૬<br>**૭) શ્રી અનિલભાઈ ખીમજીભાઈ દલસાણીયા (જામીનદાર/ગીરવેદાર) :** ૩–૩૯, રાજપર–૨, રાજપર, મોરબી, જી.રાજકોટ–૩૬૩૬૪૧ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી ઈન્ડસ્ટ્રીયલ મિલકતકે જે બિનખેતી જમીન આશરે માપ ૧૮૪૧૩ ચો.મી. જેનો રેવન્યુ સર્વે નં.૪૦૬/૧ પૈકી ૨, જેતપુર રોડ, ગામ રંગપર, તા.અને જી. મોરબી, ખાતે **શ્રી રમેશભાઈ ત્રીકમજીભાઈ સુરાણી અને શ્રી અનિલભાઈ ખીમજીભાઈ દલસાણીયા** ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પુર્વે** : જેતપુર રોડ, **પશ્ચિમે:** જયુભા ગોપાલસિંહ ની મિલકત, **ઉત્તરે :** નરભેરામભાઈ રણછોડભાઈ છાત્રોલાની મિલકત, **દક્ષિણે:** કિરીટસિંહ પ્રવિણસિંહ ની મિલકત આવેલ છે. | અ) ૧૯.૦૯.૨૦૧૯<br>બ) રૂા.૨,૧૮,૫૨,૭૨૯.૫૬ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ<br>ક) ૨૭.૧૨.૨૦૨૫<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૨૪૯.૬૬<br>બ) રૂા.૨૫.૦૦<br>ક) રૂા.૧.૦૦ | જાણમાં નથી<br>PUNB 043900 BENTEN |
| ૨ | **પીએનબી : સુરત મેઈન (૦૪૩૯૦૦)**<br>**મેસર્સ વિવાના ડિઝાઈનર્સ પ્રાઈવેટ લિમિટેડ** ૪૩૭/૨ રોડ નં. ૪, જીઆઈડીસી સચીન, સુરત –૩૯૪૨૩૦<br>**ડિરેક્ટર મેસર્સ વિવાના ડિઝાઈનર્સ પ્રાઈવેટ લિમિટેડ :** પ્લોટ નં. ૫૮/૫૯, જયવીર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, જીઆઈડીસી, પાંડેસરા દક્ષેશ્વર મહાદેવ મંદિર નજીક, સુરત ૩૯૪૨૨૧<br>**શ્રીમતી દિપ્તી ચુંગ (ડાયરેક્ટર/ જામીનદાર/ ગીરવેદાર)** ફ્લેટ નં.એસ ૬૧૬, રાજતિલક એપાર્ટમેન્ટ,સીટી લાઈટ રોડ, સુરત–૩૯૫૦૦૭<br>**શ્રીમતી પુષ્પા ચુંગ (ડાયરેક્ટર/ જામીનદાર/ગીરવેદાર)** ફ્લેટ નં.એસ ૬૧૬, રાજતિલક એપાર્ટમેન્ટ,સીટી લાઈટ રોડ, સુરત–૩૯૫૦૦૭<br>**આદિત્ય પ્રીન્ટર્સ પ્રા.લીમીટેડ :** પ્લોટ નં. ૫૮/૫૯, જયવીર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, જીઆઈડીસી, પાંડેસરા દક્ષેશ્વર મહાદેવ મંદિર નજીક, સુરત ૩૯૪૨૨૧ | રહેણાંક નો ફલેટ કે જે 'રાજતિલક એપાર્ટમેન્ટ' ના એસ બિલ્ડીંગ ના ૬ઠ્ઠા માળ નો ફ્લેટ નં. એસ– ૬૧૬ માપ એરીયા ૧૮૩૩.૬૧ ચો.ફુટ, આ બિલ્ડીંગ ની જમીન ના વણવહેંચાયલ હિસ્સા સહીત ફાઈનલ પ્લોટ નં. ૧૨૬/એ, ટી.પી. સ્કીમ નં. ૪(દક્ષિણ–ઉમરા), રેવન્યુ સર્વે નં. ૧૫૫ પૈકી અને ૧૫૬ પૈકી મોજે ઉમરા, સુરત શહેર, તા. સીટી (ચોર્યાસી) જી. સુરત ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વે** : માર્જીન/ હદ, **પશ્ચિમે** : ફ્લેટ નં. એસ ૬૧૩ નો પેસેજ, **ઉત્તરે** : દાદર અને ફ્લેટ નં. ૬૧૫, **દક્ષિણે** : માર્જીન/ હદ. | અ) ૦૨.૦૧.૨૦૨૦<br>બ) રૂા.૯,૮૪,૦૧,૧૧૨.૦૦ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ<br>ક) ૧૭.૦૩.૨૦૨૦<br>ડ) સાંકેતિક કબજો | અ) રૂા.૧૦૨.૩૦<br>બ) રૂા.૧૦.૨૩<br>ક) રૂા.૧.૦૦ | જાણમાં નથી<br>PUNB043900 VIVAAN |
| ૩ | **પીએનબી : વલસાડ શાખા (૧૩૯૦૧૦)**<br>**મેસર્સ. ભવ્ય ઈન્ફ્રાસ્ટ્રકચર (માલિક શ્રી અરૂણકુમાર રામસહોદર તીવારી એચ.યુ.એફ.)** ૩૦ આરાધના સોસાયટી, વઝીફદાર સ્ટ્રીટ, હાલર, વલસાડ–૩૯૬૦૦૧ અને રહેણાંક : ૯૭– કે, સહયોગનગર, મોગરાવાડી, વલસાડ–૩૯૬૦૦૧. | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત મોહન કોમ્પલેક્ષ ના ૧લા માળનો ફ્લેટ નં.૧૦૧, જેનું બાંધકામ રે.સ./બ્લોક નં.૧૪૬/પી/૨૪, પ્લોટ નં.આર–૧, ફ્લેટ નું માપ ૯૦૦ ચો.ફુટ., જે પારડી સાંઢપોર ગ્રામ પંચાયતની હદમાં, તા. અને જી.વલસાડ ખાતે તમામ હક્કો સાથે **શ્રી અરૂણકુમાર રામસહોદર તીવારી એચ.યુ.એફ તે મે.ભવ્ય ઈન્ફ્રાસ્ટ્રકચર** ના માલિક ના નામે આવેલ છે. | અ) ૦૫.૦૬.૨૦૨૧<br>બ) રૂા.૨,૩૫,૦૦,૬૧૨.૬૦ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ<br>ક) ૦૬.૧૦.૨૦૨૪<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૫.૨૬<br>બ) રૂા.૦.૫૩<br>ક) રૂા.૦.૧૦ | જાણમાં નથી<br>PUNB139010 BHA101 |
| | | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત મોહન કોમ્પલેક્ષ ના ૧લા માળનો ફ્લેટ નં.૧૦૨, જેનું બાંધકામ રે.સ./બ્લોક નં.૧૪૬/પી/૨૪, પ્લોટ નં.આર–૧, ફ્લેટ નું માપ ૯૦૦ ચો.ફુટ., જે પારડી સાંઢપોર ગ્રામ પંચાયતની હદમાં, તા. અને જી.વલસાડ ખાતે તમામ હક્કો સાથે **શ્રી અરૂણકુમાર રામસહોદર તીવારી એચ.યુ.એફ તે મે.ભવ્ય ઈન્ફ્રાસ્ટ્રકચર** ના માલિક ના નામે આવેલ છે. | | અ) રૂા.૫.૨૬<br>બ) રૂા.૦.૫૩<br>ક) રૂા.૦.૧૦ | જાણમાં નથી<br>PUNB139010 BHA102 |
| | | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત મોહન કોમ્પલેક્ષ ના ૧લા માળનો ફ્લેટ નં.૧૦૮, જેનું બાંધકામ રે.સ./બ્લોક નં.૧૪૬/પી/૨૪, પ્લોટ નં.આર–૧, ફ્લેટ નું માપ ૯૦૦ ચો.ફુટ., જે પારડી સાંઢપોર ગ્રામ પંચાયતની હદમાં, તા. અને જી.વલસાડ ખાતે તમામ હક્કો સાથે **શ્રી અરૂણકુમાર રામસહોદર તીવારી એચ.યુ.એફ તે મે.ભવ્ય ઈન્ફ્રાસ્ટ્રકચર** ના માલિક ના નામે આવેલ છે. | | અ) રૂા.૫.૨૬<br>બ) રૂા.૦.૫૩<br>ક) રૂા.૦.૧૦ | જાણમાં નથી<br>PUNB139010 BHA108 |
| | | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત મોહન કોમ્પલેક્ષ ના ૪થા માળનો ફ્લેટ નં.૪૦૪, જેનું બાંધકામ રે.સ./બ્લોક નં.૧૪૬/પી/૨૪, પ્લોટ નં.આર–૧, ફ્લેટ નું માપ ૮૦૫ ચો.ફુટ., જે પારડી સાંઢપોર ગ્રામ પંચાયતની હદમાં, તા. અને જી.વલસાડ ખાતે તમામ હક્કો સાથે **શ્રી અરૂણકુમાર રામસહોદર તીવારી એચ.યુ.એફ તે મે.ભવ્ય ઈન્ફ્રાસ્ટ્રકચર** ના માલિક ના નામે આવેલ છે. | | અ) રૂા.૪.૪૧<br>બ) રૂા.૦.૪૫<br>ક) રૂા.૦.૧૦ | જાણમાં નથી<br>PUNB139010 BHA404 |
| | | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત મોહન કોમ્પલેક્ષ ના ૪થા માળનો ફ્લેટ નં.૪૦૫, જેનું બાંધકામ રે.સ./બ્લોક નં.૧૪૬/પી/૨૪, પ્લોટ નં.આર–૧, ફ્લેટ નું માપ ૮૦૫ ચો.ફુટ., જે પારડી સાંઢપોર ગ્રામ પંચાયતની હદમાં, તા. અને જી.વલસાડ ખાતે તમામ હક્કો સાથે **શ્રી અરૂણકુમાર રામસહોદર તીવારી એચ.યુ.એફ તે મે.ભવ્ય ઈન્ફ્રાસ્ટ્રકચર** ના માલિક ના નામે આવેલ છે. | | અ) રૂા.૪.૪૧<br>બ) રૂા.૦.૪૫<br>ક) રૂા.૦.૧૦ | જાણમાં નથી<br>PUNB139010 BHA405 |
| | | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત મોહન કોમ્પલેક્ષ ના ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન નં.૧, ૨, ૩, ૪, ૫, જેનું બાંધકામ રે.સ./બ્લોક નં.૧૪૬/પી/૨૪, પ્લોટ નં.આર–૧, તમામ દુકાનોનું કુલ માપ ૧૨૨૪.૭૩ ચો.ફુટ. સુપર બિલ્ટ અપ એરીયા અને ૨૯.૪૭ ચો.મી. જમીનનો ભાગ, જે પારડી સાંઢપોર ગ્રામ પંચાયતની હદમાં, તા. અને જી.વલસાડ ખાતે તમામ હક્કો સાથે **શ્રી અરૂણકુમાર રામસહોદર તીવારી એચ.યુ.એફ તે મે.ભવ્ય ઈન્ફ્રાસ્ટ્રકચર** ના માલિક ના નામે આવેલ છે. | | અ) રૂા.૨૫.૦૨<br>બ) રૂા.૨.૫૧<br>ક) રૂા.૦.૨૫ | જાણમાં નથી<br>PUNB139010 BHASHO |
| ૪ | **પીએનબી : સુરત મેઈન (૦૪૩૯૦૦)**<br>**મેસર્સ કોટડિયા ટેક્સટાઈલ પ્રાઈવેટ લિમિટેડ (કાયદેસર ના વારસદાર) :** સરનામું : પ્લોટ નં. ૧૧/એ/બી, અરિહંત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પીપોદરા, તા. માંગરોળ, જી.સુરત. સરનામું : બ્લોક નં. ૪૯, પ્લોટ નં. એફ, મજદા ગલી, પીપોદરા, તા. માંગરોળ, જી.સુરત<br>**શ્રી ધર્મિષ્ટાબેન હરેશભાઈ કોટડિયા (ડાયરેક્ટર/ જામીનદાર) :** પ્લોટ નં. ૭–૮, મીરા નગર સોસાયટી, વરાછા રોડ, સુરત – ૩૯૫૦૦૬<br>**શ્રીમતી રેખાબેન ઉમેશભાઈ કોટડિયા (ડાયરેક્ટર/ જામીનદાર) :** પ્લોટ નં. ૭–૮, મીરા નગર સોસાયટી, વરાછા રોડ, સુરત – ૩૯૫૦૦૬ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત ભગવતી આશિષ– ૧ ના સી ટાવર નો ૧લા માળ નો ફ્લેટ નં. ૧૦૨ માપ આશરે ૩૦૦૩ ચો.ફુટ, માપ ૩૭.૮૬૩ ચો.મીટર ના મિલકત ના પ્રમાણસર વણવહેચાયલ હિસ્સા સહીત બિલ્ડીંગ નું બાંધકામ જમીન ફાઈનલ પ્લોટ નં. ૧૪૯, ટી.પી. સ્કીમ નં. ૦૪ ઉમરા દક્ષિણ, રેવન્યુ સર્વે નં. ૧૪૪ પૈકી મોજે ઉમરા, ઉમરા વિસ્તાર માં સુરત શહેર માં તા. ડીસ્ટ્રીકટ સુરત ખાતે બિલ્ડીંગો સુપર સ્ટ્રકચર, બંધાયેલ કે બાંધવામાં હોય ભવિષ્યના કે હાલના અને તમામ ઉપકરણ સહીત. | અ) ૧૬.૦૭.૨૦૧૩<br>બ) રૂા.૮,૦૯,૮૨,૩૨૫.૨૬ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ<br>ક) ૧૮.૦૬.૨૦૧૬<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૬૧.૯૭<br>બ) રૂા.૦૬.૨૦<br>ક) રૂા.૦.૫૦ | જાણમાં નથી<br>PUNB043900 KOTADY |
| ૫ | **પીએનબી : દેવકા બીચ, દમણ (૭૧૭૦૦૦)**<br>**શ્રી સલમાન રીઝવાન શેખ (દેવાદાર)** સરનામું : ૧, એમ.જી.રોડ, રેલ્વે સ્ટેશન પાસે, વાપી–૩૯૬૧૯૧ સરનામું : ફ્લેટ નં.૪૦૨, નાઝ પાર્ક, કરવડ, વાપી, જી.વલસાડ–૩૯૬૧૯૫<br>**શ્રી અશ્ફાક બસીર શેખ (જામીનદાર) :** ફ્લેટ નં.૧૦૫–૧૦૬, મેહેર એપાર્ટમેન્ટ, કબ્રસ્તાન રોડ, વાપી–૩૯૬૧૯૧ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત નાઝ પાર્ક નામની 'સી' બિલ્ડીંગ ના ૨જા માળનો રહેણાંકનો ફ્લેટ નં.૨૦૯, જેનું માપ આશરે ૧૩૫૦.૦૦ ચો.ફુટ મોજે ગામ કરવડ, તા.વાપી, જી.વલસાડ ખાતે સલમાન રીઝવાન શેખ ના નામે આવેલ છે. | અ) ૨૮.૦૨.૨૦૨૦<br>બ) રૂા.૪૨,૭૫,૮૧૧.૫૦ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ<br>ક) ૧૩.૦૭.૨૦૨૩<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૯.૮૫<br>બ) રૂા.૧.૦૦<br>ક) રૂા.૦.૨૦ | જાણમાં નથી<br>PUNB 71700025 |

**નિયમો અને શરતો:** વેચાણ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 ના નિર્ધારિત નિયમો અને શરતો અને નીચેની વધારાની શરતોને આધીન રહેશે:**1.** મિલકતો **"જેમ છે જ્યાં છે તેના આધારે"** અને "જેમ છે જે છે **તેના આધારે" અને "જેમ છે ત્યાં છે તેના આધારે"** વેચવામાં આવી રહી છે.**2.** સરક્ષિત સંપત્તિઓની વિગતો ઉપરોક્ત સૂચિમાં ઉલ્લેખિત બાબતો અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે, પરંતુ અધિકૃત અધિકારી આ ઘોષણામાં કોઈપણ ભૂલ, ખોટી માહિતી અથવા ભૂલ માટે જવાબદાર રહેશે નહીં. **3.** જો હરાજી કરાયેલ મિલકત પ્રતીકાત્મક કબજામાં હોય, તો મિલકતના ભૌતિક ભૌતિક કબજાની પ્રાપ્તિ પછી અને મિલકતના પરિસરમાં પડેલી કોઈપણ જંગમ વસ્તુઓનો નિકાલ કર્યા પછી જ સફળ ખરીદનારને ભૌતિક કબજો આપવામાં આવશે.**4.** વેચાણ નીચે સહી કરનાર દ્વારા વેબસાઈટ https://baanknet.com પર તારીખ **તારીખ ૦૪.૦૮.૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી માટે કરવામાં આવશે.** પૂરા પાડવામાં આવેલ ઇ-ઓક્શન પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવશે. **5.** સફળ બોલી લગાવનાર દ્વારા બેંકને વેચાણ વિચારણાની ચુકવણી આવકવેરા અધિનિયમ 1961 ની કલમ 194-1A હેઠળ TDS ને આધીન રહેશે અને TDS સફળ બોલી લગાવનાર દ્વારા બાકીની 75% બોલી રકમ / બોલી રકમની સંપૂર્ણ ડિપોઝિટ જમા કરાવતી વખતે જ કરવાનો રહેશે.**6.** ખરીદનાર/ખરીદનાર (સૌથી વધુ બોલી લગાવનાર) એ SARFAESI એક્ટ 2002 હેઠળ બેંક દ્વારા વેચવામાં આવેલી સ્થાવર મિલકતોના વેચાણની રકમ પર, જ્યાં લાગુ પડે ત્યાં, આવકવેરા કાયદા 1961 ની કલમ 1941A મુજબ TDS કાપવા અને જમા કરાવવાની જરૂર છે, જેમાં ફોર્મ નં. 26QB રજૂ કરતી વખતે, સ્થાવર મિલકતના માલિક/ગીરો (ઉધાર લેનાર/જામીનદાર) ના નામ અને પાન નંબરનો સમાવેશ થાય છે.**7.** વેચાણની વિગતવાર શરતો અને શરતો માટે, કૃપા કરીને https://baanknet.com અને www.pnb.bank.in નો સંદર્ભ લો અથવા Mo.: **૮૧૪૬૦૯૨૮૭૭, ૯૬૨૪૫૭૭૭૨૫** પર કૉલ કરો.૮.કાનૂની પ્રક્રિયા દ્વારા ભૌતિક કબજો મેળવ્યા પછી પ્રતીકાત્મક કબજામાં રહેલી મિલકતો સફળ બોલી લગાવનારને સોંપવામાં આવશે.
૯. કોઈપણ કાનૂની/કોર્ટ કાર્યવાહી અને/અથવા અધિકૃત અધિકારીના નિયંત્રણ બહારના કારણોસર ભૌતિક કબજો મેળવવામાં કોઈપણ વિલંબ માટે અધિકૃત અધિકારી જવાબદાર રહેશે નહીં.

SCAN HERE For detailed Terms & Conditions

**સરફેસી એક્ટ, ૨૦૦૨ ના રૂલ ૮(૬) હેઠળ કાનુની વેચાણ નોટીસ**

**(આ હરાજીની સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.)**

તા.૧૫.૦૭.૨૦૨૬ | સ્થળ : સુરત — ચીફ મેનજર, અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક, સુરક્ષિત ક્રેડીટર